# ગોડાઉનમાંથી ૧.૯૦ લાખનું યાર્ન ચોરી જનાર ટોળકી ઝડપાઇ.

તા.૩૦/૦૬/૨૦૧૭

હોજીવાલા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રોડ નંબર ૧૨-એ ઉપર કોમલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીનું ગોડાઉન છે. આ ગોડાઉનમાં સવારે તસ્કરો ત્રાટકયા હતા. પાછળના ભાગની ગ્રીલની અંદર મારવામાં આવેલા તાળાં કાપી, કોઇ સાધનથી શટર ઉંચુ કરી તસ્કરો અંદર ઘુસ્યા હતા. તેઓ ગોડાઉનમાંથી યાર્નના કૂલ ૫૦ કાર્ટુન ચોરી ગયા હતા. ૧૫૩૦ કિલો યાર્ન આ ટોળકી છોટા હાથી ટેમ્પોમાં ભરીને લઇ જઇ હતી. કૂલ ૧.૯૦ લાખનું યાર્ન ચોરાવા અંગે વાંઝ રોડ ઉપર આવેલી આસોપાલવ સોસાયટીમાં નીતિનભાઇ મગનભાઇ પાનસુરીયાએ આપેલી ફરીયાદના આધારે ક્રાઇમ બ્રાંચની ટીમ પણ આ તપાસમાં જોડાઇ હતી. તેઓએ ચોરીમાં સામેલ ગૌતમ બિરેન્દ્રસિંગ રાજપૂત રહે. હરિઓમનગર, પાંડેસરા હાઉસીંગ, અનિલ હીરામણ જાદવ રહે. ગણપતનગર, પાંડેસરા તથા વિઠોબા તિરૂમલે રહે. આવિર્ભાવ સોસાયટી, પાંડેસરાને પકડી તેઓ પાસેથી ચોરી કરાયેલા નાયલોન યાર્નના ૪૭ કાર્ટુન તથા ટેમ્પો કબજે લેવાયો હતો. ૧.૭૮ લાખના યાર્ન સહિત ૩.૭૮ લાખની મતા સાથે ઝડપાયેલી આ ટોળકી પૈકી અનિલ જાદવ અને બિરેન્દ્ર રાજપૂત અગાઉ વાયર તથા વેલ્ડીંગ મશીન ચોરીના ગુનામાં ઝડપાઇ ચુકયા છે.